# ગુજરાતના 10 IASને ઈલેક્શન ડ્યુટી કરવી નથી, EC પાસે રજા માગી

ગાંધીનગર

ગુજરાતના ૧૦ આઈએએસ અધિકારીઓએ લોકસભા ચૂંટણીની ડ્યુટીમાંથી તેમને બાકાત રાખવા ભારતના ચૂંટણી પંચ પાસે રજા માગી છે. જે ઓફિસરોએ રજા માગી છે તેમણે તેમની તબિયત અને બાળકોની પરીક્ષાના કારણો




આપ્યાં છે. મોટાભાગના અધિકારીઓએ વિભાગના વધુ પડતા કામ અને પર્સનલ કારણો પણ દર્શાવ્યા છે.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગના સૂત્રોએ કહ્યું છે કે રાજ્યના ૫૯ આઈએએસ અધિકારીઓ અને ૧૫ આઈપીએસ અધિકારીઓને ચૂંટણી નિરીક્ષકો તરીકે અન્ય રાજ્યોમાં મૂકવામાં આવ્યા છે. આ ઓફિસરોની જગ્યાએ સરકારે વૈકલ્પિક વ્યવસ્થા પણ વિચારી રાખી છે. આ અધિકારીઓ જ્યાં સુધી ગુજરાત પાછા ન આવે ત્યાં સુધી વૈકલ્પિક અધિકારી તેમની જગ્યા સંભાળશે.

વિભાગના એક અધિકારીએ કહ્યું કે કેટલાક સેક્રેટરી તેમજ સેક્રેટરી રેન્કના અધિકારીઓએ ચૂંટણી ડ્યુટીમાંથી રજા માગી છે. વિભાગે આ ઓફિસરોની યાદી રાજ્યના મુખ્યમંત્રી કાર્યાલય અને ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી એસ મુરલીક્રિશ્નાને મોકલી આપી છે.

જેમને ચૂંટણી ડ્યુટીમાંથી છુટ્ટી જોઈએ છે તે આઈએએસ અધિકારીઓમાં પંચાયતના અગ્રસચિવ એ.કે.રાકેશ, બંદર વિભાગના અગ્રસચિવ સુનયના તોમર,સામાજીક ન્યાયના અગ્રસચિવ મનોજ અગ્રવાલ, જીએમડીસીના એમડી અરૂણ સોલંકી, આરોગ્ય વિભાગના સચિવ જયંતિ રવિ, જળ સંપત્તિના અગ્ર સચિવ જગદીશ પ્રસાદ ગુપ્તા, અન્ન અને નાગરિક પુરવઠાના અગ્રસવિત કમલ કુમાર દાયાની, ઉદ્યોગ કમિશનર મમતા વર્મા અને ગુજરાત મેરીટાઈમ બોર્ડના સીઈઓ મુકેશ કુમારનો સમાવેશ થાય છે.

# બેઠકમાંથી આનંદીબહેન પટેલે દાવેદારી પાછી ખેંચી

## આનંદીબેનની પુત્રી અનાર પટેલ પણ નહીં લડે

ગાંધીનગર

ગુજરાતની ગાંધીનગર લોકસભા બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ચૂંટણી લડે તેવી સંભાવના હોવાથી મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલે ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો છે, એટલું જ નહીં તેમની પુત્રી અનાર પટેલની દરખાસ્ત પણ પડતી મૂકી છે. ગાંધીનગર બેઠક માટે હવે માત્ર બે નામ છે જેમાં એક નામ અમિત શાહનું છે અને બીજું નામ સાંસદ લાલકૃષ્ણ અડવાણીનું છે.

મધ્યપ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ ગુજરાતની પાંચ દિવસીય મુલાકાતે આવ્યા છે. ઓચિંતા લાંબા ગુજરાત પ્રવાસને કારણે એવી અટકળો હતી કે તેઓ લોકસભાની ચૂંટણી લડશે. આનંદીબેન ગાંધીનગરથી લોકસભા લડે અથવા પુત્રી અનાર માટે ટીકીટ માગે તેવી તેમના સમર્થકોની પાર્ટી સમક્ષ માગણી હતી. સમર્થકોએ પાર્ટીના નિરીક્ષકો સમક્ષ લેખિતમાં રજૂઆત પણ કરી હતી. ભાજપની પ્રદેશ પાર્લામેન્ટરી બેઠકમાં ગાંધીનગર માટે આનંદીબહેન પટેલનું નામ પડતું મૂક્યું છે.

પાર્ટીના સૂત્રો કહે છે કે આનંદીબહેન પટેલના સમર્થકો ઈચ્છતા હતા તેમને લોકસભાની ચૂંટણી લડાવવી જોઈએ પરંતુ પાર્ટીમાં વિવાદ ઉભો થતાં છેવટે આનંદીબહેન અને તેમની પુત્રી અનાર માટે ટીકીટ માગવાની રજૂઆત પાછી ખેંચી લીધી હોવાનું આનંદીબહેનના એક સમર્થકે જણાવ્યું છે. તેઓ કહે છે કે આનંદીબહેન પટેલ તેમની પુત્રીને રાજકારણમાં લાવવા માગતા નથી.

# ગાંધીનગરના ડૉ. સી.જે. ચાવડા અને ડૉ. હિમાંશુ પટેલની નિશ્ચિત બનતી પસંદગી

**જ્યારે જિલ્લામાંથી ભાજપના સંભવિતોમાં રમણલાલ વોરા, પુનમચંદ મકવાણા, હિતેન્દ્ર પટેલના નામો ચર્ચામાં છે : ડો. હિમાંશુ પટેલ અમદાવાદ પૂર્વમાંથી અને ડો. સી. જે. ચાવડા ગાંધીનગર બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લો આમ તો ત્રણ સંસદીય પ્રતિનિધિઓ આપે છે. આ વખતની ચૂંટણીમાં ગાંધીનગર સાથે જોડાયેલ બે બેઠકો પર ગાંધીનગરના જ આગેવાનોના નામો સપાટી પર આવતાં જિલ્લાના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરની બેઠક પર લાંબા સમય પછી ક્ષત્રિય ઉમેદવાર તરીકે ડૉ. સી.જે. ચાવડાનું નામ લગભગ નિશ્ચિત થઈ ગયુ છે. માત્ર તેની વિધિવત્ ઘોષણા બાકી છે. આજ પ્રમાણે અમદાવાદ પૂર્વની બેઠક માટે કોંગ્રેસના જ યુવા અગ્રણી હિમાંશુ પટેલની પસંદગી નિશ્ચિત માનવામાં આવી રહી છે.



અમદાવાદ પૂર્વની બેઠક પર પેરાશુટ ઉમેદવારના વિરોધમાં સ્થાનિકને ટિકિટ આપવાની માંગ ભાજપમાં પણ ઉભી થઈ છે. એટલુ જ નહિ આ બેઠક પર પટેલ ઉમેદવારને ટિકિટ આપવાની માંગણી પણ ભાજપ મોવડીમંડળ સમક્ષ તીવ્રતાથી વ્યક્ત કરાઈ છે. જેમાં જયદીપ પટેલ, હિતેન્દ્ર પટેલ સહિતના પટેલ આગેવાનોના નામો નિરીક્ષકો સમક્ષ રજુ થયા હતા.

જો કે ભાજપના પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ અમદાવાદ પૂર્વનો મામલો હજુ આવ્યો નથી એટલે આ મુદ્દે રાજકીય વર્તુળો મૌન સેવી રહ્યા છે. જોકે અમદાવાદ પશ્ચિમની બેઠક માટે ગાંધીનગર જિલ્લાના વેડા ગામના વતની અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણભાઈ વોરા, ગાંધીનગરના જાખોરા-રાજપુરના વતની અને પૂર્વ સંસદીય સચિવ પૂનમચંદ મકવાણાએ પણ પોતાના દાવાઓ રજુ કર્યા છે. જોકે ત્યાં હજુ ઉમેદવારની પસંદગી બાકી છે.

જિલ્લાના અડધો ડઝન જેટલા આગેવાનોના નામ લોકસભાની બેઠક માટે ચર્ચામાં આવતાં સ્વાભાવિક રીતે જ જિલ્લાના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

કોંગ્રેસ પક્ષમાં ડૉ. સી.જે. ચાવડાનું નામ ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે નિશ્ચિત મનાઈ રહ્યુ છે તો અમદાવાદ પૂર્વમાં ડૉ. હિમાંશુ પટેલનું નામ પણ નિશ્ચિત બનાઈ રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# હોળી દહન માટે વનતંત્ર દ્વારા બે સેન્ટર પરથી જલાઉ લાકડા ઉપલબ્ધ થશે

**સેકટરોમાં હોળી દહનના કાર્યક્રમ માટે તૈયારીઓ : વનતંત્ર દ્વારા હોળીકા દહન માટે પ્રતિ મણ રૂ ૪૫ ના ભાવે ૧૫ મણની મર્યાદામાં જલાઉ લાકડાનુ વેચાણ કરાશે**

ગાંધીનગર તા ૧૮

ભાવિકોની આસ્થાના કેન્દ્ર સ્થાન સમા હોળી ધુળેટીના રંગીન પર્વની વિશેષ ઉજવણી માટે સેકટરોમાં તૈયારીઓ ચાલી રહી છે. સેકટરોમાં ભાવિકો આ પર્વની વિશિષ્ટ ઉજવણી માટે ઉત્સુક બન્યા છે. જયારે સેકટરોમાં હોળીદહનના કાર્યક્રમ માટે સોસાયટી તેમજ સંસ્થાઓ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. બીજીતરફ વનતંત્ર દ્વારા આ માટે જલાઉ લાકડા પણ ભાવિકોને સરળતાથી ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરાયુ છે. જેમાં સે-૧૭ અને સે-૩૦ એમ બે ઠેકાણેથી સેકટરવાસીઓને ૪૫ રૂપિયે મણ જલાઉ લાકડા મળી રહે તે મુજબનુ આયોજન કરાયુ છે.

અધર્મ પર ધર્મના વિજયના પ્રતિક સમા હોળી પર્વની ઉજવણીને અનુલક્ષી નગરમાં વિશેષ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. બજારમાં હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી ધાણી ખજુર સહીતની ખાદ્યસામગ્રી અને પિચકારીનુ વેચાણ પણ ધુમ થઈ રહ્યુ છે. અવનવી પિચકારી ખરીદવા માટે પણ હવે બજારમાં ભીડ જોવા મળી રહી છે. જયારે ભક્ત પ્રહલાદ અને હોળીકાની સાથે વણાંયેલા હોળીના પર્વની ઉજવણી માટે સેકટરોમાં ઠેર ઠેર હોળી પ્રગટાવામાં આવે છે. શહેરમાં પ્રતિવર્ષ હોળીકા દહનના કાર્યક્રમો વધી રહ્યા છે. હોળીના પર્વનુ મહત્વ વધવાની સાથે આમ નાગરિકોની શ્રધ્ધા ભકિત પણ પર્વ સાથે સંકળાયેલા ધાર્મિક મહત્વને બયાન કરી રહી છે. સેકટરોમાં પણ પ્રતિવર્ષ હોળીકા દહન માટે અનેક ઠેકાણે હોળી પ્રગટાવામાં આવે છે.જયારે આ માટે હોળીદહનના આયોજકો તેમજ જવાબદાર સંસ્થાઓને પુરતા લાકડા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા પણ વનતંત્ર દ્વારા કરવામાં આવે છે. જો કે અગાઉ આ વ્યવસ્થા ખોરવાઈ જતા નાગરિકોએ હાલાકી વેઠવાનો વોરો આવ્યો હતો. વનતંત્ર દ્વારા હોળી દહન માટે વિવિધ બે ઠેકાણેથી જલાઉ લાકડા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સે-૧૭ સ્થિત વનતંત્રની કચેરીના સંકુલમાંથી પણ સુકા જલાઉ લાકડા મળી રહેશે. જયારે સે-૩૦ માંથી પણ હોળી દહન ના લાકડા મળી રહે તેવુ આયોજન તંત્ર દ્વારા કરાયુ છે. જેમાં હોળી દહનના કાર્યક્રમનુ

● અનુસંધાન પાન-૭ પર



હોળી ધુળેટીના પર્વનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે. હોળી પર્વની ઉજવણી શહેરમાં વિશેષ રીતે થાય છે. સેકટરોમાં હોળીદહન માટે પણ પુર્વ તૈયારીઓ ચાલી રહી છે. હાળી દહનના લાકડા માટે વનતંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે હોળીદહનમાં હોમવા માટે છાંણાના હાડા પણ તૈયાર કરવામાં આવ્યા છે. ઉક્ત તસવીરમાં વૃધ્ધા હોંળીદહન માટે હાડા તૈયાર કરતી નજરે પડે છે.

# સે-૧ માં સ્લોપીંગ ગાર્ડન પાસેની ખુલ્લી જગ્યામાં કિડઝ એરિયા ડેવલપ કરાશે

**બાસ્કેટ બોલનુ મેદાન, બ્રિજ, નવો વોક-વે, તેમજ જાતજાતના સ્કલ્પચર પણ મુકાશે**

ગાંધીનગર તા ૧૮

સે-૧ માં તળાવ વિકાસની યોજના હજુ સાકાર થઈ નથી. પરંતુ તળાવ વિસ્તારમાં સ્થિત સ્લોપીંગ ગાર્ડન પાસેની ખુલ્લી જગ્યામાં પણ બાસ્કેટ બોલનુ મેદાન તેમજ કિડસ એરિયા વિકસાવાશે. સે-૧ ના બગીચામાં તળિયાના લીધે તળાવની રોનક નિખરી નથી. બીજીતરફ સ્લોપીંગ ગાર્ડના નજીક સ્થિત ઉજ્જડ વિસ્તારને વિકસાવવા માટે કોર્પોરેશન દ્વારા નવતર આયોજન કરી દેવાયુ છે.

ગાંધીનગરમાં સેકટરોના બગીચાઓ હવે ઉજ્જડ બનવા તરફ છે. જયારે મોટાભાગના બગીચાઓમાં જરૂરી સુવિધાઓનો પણ અભાવ વર્તાય છે. સે-૧ ના તળાવને પિકનિક સ્પોટ બનાવાનુ સ્વપ્ન રોળાયુ છે. તળાવના તળિયામાં પાણી ટકતુ નથી. ત્યારે કોર્પોરેશન દ્વારા આગામી દિવસોમાં આ તળિયાને યોગ્ય કરવા પણ કામગીરી હાથ ધરશે. બીજીતરફ આ પુર્વે તંત્ર દ્વારા સેકટર -૧ ના બગીચામાં સ્થિત સ્લોપીંગ ગાર્ડન બાજુમાં સ્થિત ખાલી જગ્યામાં કોર્પોરેશન દ્વારા બાસ્કેટ બોલનુ મેદાન પણ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત કિડસ એરિયા પણ બનાવાશે. આ ઉપરાંત જાતજાતના રમત ગમતના સાધનો તેમજ સ્કલ્પચર પણ ઉભા કરાશે. આ વિસ્તારમાં એક બ્રિજનુ પણ નિર્માણ કરાશે. જયારે બગીચા વિસ્તારને અનુલક્ષી નવા પ્રકારના વોક વે નુ પણ નિર્માણ કરાશે. જેનાથી વોકીંગના અંતે સહેલાણીઓને પગના તળિયે એકયુપ્રેશરનો પણ લાભ મળશે. સે-૧ ના બગીચા સહીત સે-૪,૭,૧૯ અને સે-૨૨ માં સ્થિત બગીચા વિસ્તારમાં પણ આ પ્રકારે બાળકો માટે અવનવા આકર્ષણો ઉભા કરાશે. આ તમામ સેકટરોમાં આ કાર્યયોજના હાથ ધરવા પાછળ અંદાજિત રૂ ૧૨ કરોડનો ખર્ચ કરાશે.



જાળવણી - શહેરના રાજમાર્ગ સમા ચ-માર્ગ અને ઘ-માર્ગ પર સેન્ટ્રલ વિસ્ટામાં ઉછેરેલા ફુલ-છોડની જાળવણી માટે લગાવાયેલ ગ્રીલને લીલો કલર કરીને સુશોભિત કરાય છે.... છેલ્લા બે વર્ષથી ગાંધીનગરના બંને રાજમાર્ગોની જાળવણી ખૂબ જ નિયમિતપણે થાય છે... અને એમાય વાયબ્રન્ટ સમિટના આયોજન બાદ રંગબેરંગી ફુલછોડનું વાવેતર કરાતારાજમાર્ગની શોભા અનોખી રીતે નીખરી ઉઠે છે...

# મતદાન પૂર્વે મતદારોની સંખ્યા જિલ્લામાં ૧૩ લાખને પાર કરી જશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણીના મતદાન પહેલાં મતદારોની સંખ્યા ૧૩ લાખના આંકને પાર કરી જાય તેવા સ્પષ્ટ સંકેત સાંપડ્યા છે.

પંચ દ્વારા ચૂંટણીની વિધિવત્ જાહેરાત થઈ ત્યારે જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૨ લાખ ૯૦ હજારથી વધુ છે. આ પછી બે દિવસ બાદ પુનઃ મતદાર નોંધણીની કામગીરી ચાલુ થઈ છે. જે હવે ટૂંકમાં જ સંપન્ન થશે.

મળતી વિગતો પ્રમાણે ૧૭ હજારથી વધુ નવી અરજીઓ ચૂંટણીતંત્રને મળી છે. આ બધી અરજીઓની ચકાસણીની પ્રક્રિયા હાલ સાથોસાથ જ ચાલી રહી છે.

બીજી તરફ આગામી ૨૦મી માર્ચના રોજ ફોર્મ ૭, ૮ અને ૮ ક અંતર્ગત મળેલ અરજીઓ પછી સુધારા-વધારાની પુરવણીયાદી પણ તંત્ર દ્વારા જારી કરવામાં આવશે. તંત્રમાં નવા મતદારોની નોંધણી માટે સારો એવો ધસારો જોવા મળી રહ્યો છે. આ ધસારાને ધ્યાને લેતાં મતદાન પૂર્વે જ પૂરવણીયાદી બનશે તેમાં જિલ્લાના મતદારોની સંખ્યા ૧૩ લાખને પાર કરી શકે છે તેમ મનાઈ રહ્યુ છે.

ફોર્મ ૭, ૮ અને ૮ ક અંતર્ગત કેટલી અરજીઓ મળી છે તેનુ કોઈ ચોક્કસ તારણ હજુ તંત્રએ કાઢ્યુ નથી કારણ કે તંત્ર પર ચૂંટણીની તૈયારીઓ સહિતનું કાર્યભારણ વધી જવા પામેલ છે. જોકે રજાના દિવસોમાં પણ તંત્રના કર્મયોગીઓ સતત ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે.

# સે. ૨૪ની વૃદ્ધાને સ્વાઈન ફ્લુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાંથી વધુ એક સ્વાઈન ફ્લુનો પોઝીટીવ કેસ મળી આવેલ છે. આ સાથે શહેરમાં આ નવી સિઝનમાં અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લુના કુલ કેસ ૨૩ થયા છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં અતિ ગીચતા ધરાવતા સેક્ટર-૨૪ની એક ૭૪ વર્ષીય વૃદ્ધાને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. આ દર્દીને સારવાર માટે અમદાવાદ-ગાંધીનગર માર્ગ પર આવેલ એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેણીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

સતત બદલાતા રહેતા હવામાન તેમજ અમદાવાદ સાથેના સતત સંપર્કને કારણે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસો વધતા રહ્યા હોવાનું તંત્રનું માનવું છે. શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોમાં આ વખતે ૫૦ થી વધુ વય ધરાવતા દર્દીઓની સંખ્યા પણ વધુ હોવાનું જાણવા મળેલ છે.

આજે મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સના આદેશો જારી કરાયા છે. જોકે મોડી સાંજ સુધી કોઈ નવા શંકાસ્પદ કેસ નહિ મળ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## પ્રાર્થના સભા



અમારાં પૂજ્ય પિતાશ્રી **વરિયમ સિંઘ છાબડા**નું તા. ૧૫/૩/૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલા છે. **સ્વર્ગસ્થની 'પ્રાર્થના સભા' તા.૧૯/૩/૧૯ને મંગળવારે બપોરે ૧૧:૩૦ થી ૧૨:૩૦ દરમિયાન** ગુરૂ નાનક સાહેબ ગુરૂદ્વારા, પ્લોટ નંબર - ૨૫૧, સેક્ટર-૩૦ ખાતે રાખેલ છે.

**નરેન્દ્ર સિંઘ છાબડા**
**પરમજીતકૌર છાબડા**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com